શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

એપ્રિલ-૨૦૨૪







શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

એપ્રિલ, ૨૦૨૪




એલચીદાણાથી અભિષિક્ત પૂ.ગુરુજીના સેવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ

## આત્મીયસભા-૧૧૮, શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર કથાસત્ર સમાપ્તિ સમારોહ, વિવિધ અભિષેક તેમજ દિવ્ય રંગોત્સવનો લાખેણો લહાવો...













: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

## સત્સંગ સુધા

બીજું બધું પડ્યું મેલો, એક જ રાખો તાન;
હરિ અતિ રાજી કરવા છે, ગમે તેમ કરી જ્ઞાન.

રાજીપો મોટું કામ કરે, કરે અશક્યનું શક્ય;
માટે મોટાનો રાજીપો, લેવો જોઈએ અવશ્ય.

જ્ઞાન હરિવર રીઝે તો, શીખવાડે સહુ કામ;
માટે રાજી જ કરવા, આપણે સતત શ્યામ.

રાજીપા જેવી વસ્તુ, બ્રહ્માંડે નથી કાય;
જ્ઞાન એ ડાહ્યો જાણવો, રાજી કરે હરિરાય.

# અનુક્રમણિકા


3 હાથમાં છે...
- પ.પૂ.શ્રીગુરુજી

4 સ્મરણ ભક્તિનો પ્રતાપ
- પ.પૂ.શ્રીગુરુજી

6 શ્રેષ્ઠનો સંગ છતાં શ્રેષ્ઠ પ્રાપ્તિ કેમ થતી નથી ???
- સાધુ ઈશ્વરચરણદાસ

8 આવરદા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 શાંતિનું રહસ્ય...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 આપણાં સુખ-દુ:ખ...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

12 શુદ્ધ ભાવ કેવું કામ કરે..!
- સાધુ પ્રસન્નવદનદાસ

14 હરિ સંભારવા આગ્રહથી...
- સાધુ અનાદિસ્વરૂપદાસ

16 સત્સંગ સમાચાર



# સત્સંગ સેવક

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ ફાગણ વદ-૧૧, તા.૦૫/૦૪/૨૦૨૪ શુક્રવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan



# હાથમાં છે...

નિયમિત જીવન જિવાય તો, આરોગ્ય આપણા હાથમાં છે;
હરિની આજ્ઞા પળાય તો, રાજીપો આપણા હાથમાં છે...૦૧

સહુના દાસ રહેવાય તો, મોટાઈ આપણા હાથમાં છે;
અખંડ ભજન કરાય તો, શાંતિ આપણા હાથમાં છે...૦૨

નિજ દોષો જ જોવાય તો, નિર્દોષતા આપણા હાથમાં છે;
હરિ-સંત પોતાના મનાય તો, પ્રેમ આપણા હાથમાં છે...૦૩

ચાર પ્રલય સમજાય તો, વૈરાગ આપણા હાથમાં છે;
હરિ વિન બધું તજાય તો, હરિ આપણા હાથમાં છે...૦૪

**રચયિતા :** પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૧૮/૧૨/૨૦૨૨ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# કથામૃતમ્ સ્મરણ ભક્તિનો પ્રતાપ

- પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! કેટલાક આત્માઓ પરમાત્માની ભક્તિ કરીને મોટી પ્રાપ્તિ પામ્યા છે.

મહારાષ્ટ્ર રાજ્યના પંઢરપુરમાં એક જનાબાઈ નામે પ્રભુભક્તિમાં રંગાયેલ શ્રેષ્ઠ ભક્ત હતાં. ધૂન–ભજન અને કીર્તન થતાં હોય તો એમને અંદરથી મૂર્તિ સ્ફૂરી આવે અને ભગવાનના સ્વરૂપનો સ્વાદ સતત ચાલુ થઈ જાય. હાથમાં રામસાગર લઈ પ્રભુનાં ભજન ગાયા જ કરે. ભગવાનનું નામ સતત જપ્યા કરે, ભૂલે જ નહિ અને બીજી વાત ગમે જ નહીં.

એ ધૂન–ભજન, કથા–કીર્તન કર્યા કરે; એમાં એની એક પાડોશણ બાઈ કંટાળે ! જનાબાઈએ એનું કાંઈ બગાડ્યું નહોતું, છતાં એને જનાબાઈ ઉપર બહુ દાઝ ચડે, અકારણ અણગમો પેદા થાય; એટલે જેમ–તેમ બડબડ્યા કરે કે, ‘આ ભક્તાણીએ તો હદ કરવા માંડી છે. રાત્રેય સૂતી નથી અને સૂવા દેતી પણ નથી.’

એક દિવસ તો જનાબાઈને એવો રંગ લાગ્યો કે, સાંજનાં ધૂન–કીર્તન–ભજનમાં બેસી ગયાં તે બીજા દિવસનું પ્રભાત થયું ! ત્યારે આ પાડોશણ બાઈ આવીને કહે, ‘જના, હવે તારાં આ ભજનિયાં બંધ કર. સાંભળી સાંભળીને અમારા કાન પાકી ગયા છે.’

જનાબાઈ બિચારાં હાથ જોડીને કહે, ‘મને ભજનમાં બહુ સુખ આવે છે, મજા આવે છે; એટલે ગાઉં છું.’

‘તને સુખ આવે છે પણ અમારા કાન પાકી ગયા છે, માટે બંધ કર.’ પાડોશણ તો જેમ તેમ બોલવા લાગી.

તમાશાને તેડું ન હોય. શું થાય છે ? એ જોવા માટે જોત જોતામાં લોકોનું ટોળું ત્યાં ભેગું થઈ ગયું. એમાં વળી એક સજ્જન કહે,‘ કેવાં સુંદર ભજન ગાય છે ?’ તે સાંભળી પેલી પાડોશણ ઊલળી, ‘બહુ સુંદર ભજન ગાય છે, તો લઈ જા તારા પાડોશમાં !’ ત્યારે એકત્રિત થયેલા લોકોને એવું લાગ્યું કે, આ પાડોશણ ખોટેખોટી



ઈર્ષ્યાવાળી છે. જનાબાઈને અમથે અમથી પરેશાન કરે છે. આ પાડોશણનો જ વાંક છે, જનાબાઈનો નથી.

બધાએ જનાબાઈનો પક્ષ લીધો એટલે પાડોશણનું કાંઈ ચાલ્યું નહિ એટલે બહુ ધૂંધવાઈ અને ખીજાઈને ઘરે જતી રહી. પછી મનમાં ઠરાવ કર્યો કે, 'બધાં માણસ એના પક્ષમાં ભળી ગયા છે પણ એને કાંઈક એવી વાંકમાં લઉં ને જુદ્દી પાડું કે બધું ભજન ભૂલી જાય.'

જનાબાઈ તો બહુ ભગત હતાં. પંઢરપુરના દેવનો એમને બહુ મહિમા ! વિઠ્ઠલ...વિઠ્ઠલ... વિઠ્ઠલા...હરિ ૐ વિઠ્ઠલા... એમ અખંડ સ્મરણ કરે અને છાણાં થાપે. છાણાં થાપી થાપીને મંદિરમાં આપે. કોઈ સંતો આવ્યા હોય તો તેમને રસોઈ બનાવવા માટે આપે. કેવળ પરોપકાર કરતાં હતાં.

એકવાર જનાબાઈએ પોતાની જગ્યામાં છાણાં થાપેલાં, તેને કોઈક ચોરી ગયું; એટલે જનાબાઈએ ગામના રાજાને ફરિયાદ નોંધાવી કે, 'મારાં છાણાં કોઈક ચોરી ગયું છે, તે મને પાછાં અપાવો.' રાજદરબારમાંથી ફોજદાર આવ્યા. તપાસ કરી પણ છાણાંનો કાંઈ પત્તો લાગ્યો નહીં.

ત્યારે રાજાએ કહ્યું કે, ગામમાં ઢંઢેરો પીટાવો કે,'જેને ઘેરે જેટલાં છાણાં હોય તે ટોપલામાં ભરીને રાજદરબારમાં લાવે. જો કોઈ છાણાં સંઘરી રાખશે અને રાજદરબારમાં નહિ લાવે તો તેને ફાંસીએ ચડાવવામાં આવશે.'

રાજાનો હુકમ થયો એટલે સૌ છાણાંના ટોપલા ભરીને હાજર થયાં. ત્યારે રાજાએ જનાબાઈને કહ્યું કે, 'જનાબાઈ તમારા છાણામાં કાંઈ નિશાની છે ? નિશાની હોય તો ખ્યાલ આવે કે, આ તમારાં છાણાં છે.' જનાબાઈ કહે, 'હે રાજન ! હું છાણાં થાપતી વખતે ભગવાનનું સ્મરણ કરું છું, તેનાથી છાણામાં ભગવાનનો મંત્ર પેસી ગયો હોય; એવું હું ચોક્કસ માનું છું. તમે છાણું કાન આગળ અડાડો. જે છાણું વિઠ્ઠલ...વિઠ્ઠલ... બોલતું હશે તે છાણું મારું હશે. આ મારા છાણાની નિશાની.'

રાજા ટોપલામાંથી એક પછી એક છાણું લઈને કાને રાખે, અને વિઠ્ઠલ...વિઠ્ઠલ... સંભળાય નહિ એટલે પાછું મૂકી દે. તપાસ કરતાં કરતાં એક બાઈના ટોપલામાંથી છાણું રાજાએ લીધું અને જેવું કાને રાખ્યું કે, એમાંથી ' વિઠ્ઠલ... વિઠ્ઠલ...વિઠ્ઠલા...હરિ ૐ વિઠ્ઠલા...' અવાજ આવવા લાગ્યો. રાજાને બહુ આશ્ચર્ય થયું ! રાજાએ જનાબાઈનાં ખૂબ વખાણ કર્યાં.

જે ટોપલામાંથી છાણાં 'વિઠ્ઠલ... વિઠ્ઠલ...' બોલતાં હતાં, તે છાણાંનો ટોપલો લઈને પેલી ભજનની ના પાડનાર દ્વેષી પાડોશણ બાઈ જ આવી હતી. એ જ જનાબાઈનાં છાણાં ચોરી જનારી ચોર હતી. પછી રાજાએ તે છાણાં જનાબાઈને આપ્યાં અને છાણાં ચોરનારી પાડોશણ બાઈને રાજાએ દંડ કર્યો.

જનાબાઈને ભગવાનમાં કેવો પ્રેમ હશે..! કેવી એમની ભક્તિ હશે...! કેવું ગજબનું નામ–સ્મરણ હશે..! કે જેનું થાપેલું છાણું પણ 'વિઠ્ઠલ...વિઠ્ઠલ...' બોલે..!

આપણું તો મોઢું પણ અખંડ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' બોલતું નથી ! સુરતમાં એક કાકા કેળાં વેચતા હતા. તે ચોવીસ કલાક મોઢામાં કિમામવાળું પાન રાખે ને એને અખંડ રસ આવે ! જો એ કાકા ચોવીસેય કલાક પાનનો રસ લેતા હોય, તો આપણે નામનો રસ કેમ ન લેવો !!!! એને પાનમાં જેટલી શ્રદ્ધા અને જેટલું સુખ મનાયું છે એટલું કદાચ આપણને નામમાં નહિ મનાયું હોય, નહિતર આપણેય એવું અખંડ સ્મરણ કરીએ જ.

ભજનમાં કેટલી તાકાત છે ! ભજનથી તો જીવ નિર્વાસનિક બની જાય છે. ભજનથી અંતઃકરણમાં અપાર બળ આવે છે. મહારાજે વચ.ગ.પ્ર.૨૧, ૨૨ અને ૨૩માં કહ્યું છે કે, ખાતાં–પીતાં, હાલતાં–ચાલતાં, ન્હાતાં–ધોતાં ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કર્યા કરવું. આનાથી બીજો પ્રયાસ વગરનો કલ્યાણનો કોઈ ઉપાય નથી. ●●●



# શ્રેષ્ઠનો સંગ છતાં શ્રેષ્ઠ પ્રાપ્તિ કેમ થતી નથી ???

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ખનીજ ક્ષેત્રના એક અતિ અનુભવી વૈજ્ઞાનિક વિમલ સાહેબે તેના ત્રણ પરિચિતને જાણ કરી કે, આ જગ્યાએ આટલું ઊંડું ખોદી શોધવામાં આવે તો અતિ કિંમતી ધાતુ કે ઝવેરાત મળે એમ છે.

પછી તે ત્રણમાંથી મનસ્વીભાઈ જેને તેને જણાવવા લાગ્યા કે, આ તો કપોલકલ્પિત બણગાંઓ છે. એના માટે આટલી મહેનત કરાતી હશે ! મારો તો મત છે : ખાઈ–પીને મોજ–મઝા કરી લેવાય.


બીજા હતા યશસ્વીભાઈ. તેણે પેલા વૈજ્ઞાનિકના વચને પ્રયત્ન શરૂ કરી દીધા. પહેલા તો ઉમંગ ઘણો હતો, પણ જેમ જેમ દિવસો વિત્યા તેમ તેમ તેની શ્રદ્ધા મોળી પડવા લાગી. એક દિવસ તેણે પેલા વિમલ સાહેબ પાસે ફરિયાદ કરી કે, આટલી ગરમીમાં હેરાન થઈ ગયો છતાં કાંઈ મળ્યું નહીં, તમે મને કાંઈક ખોટે રસ્તે તો નથી ચડાવી દીધો ને ? સાહેબ થોડા ખિજાયા. પછી કહ્યું, તમને આટલો મોટો લાભ મળે એમ છે, તો તે પ્રમાણે વિશ્વાસ રાખી મહેનત તો કરો. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ હોતો નથી.

આ ભાઈને ખોટું તો લાગ્યું પણ હજુ ટ્રાય ચાલું રાખી. તે દરમ્યાન તેને મનસ્વીભાઈ મળી ગયા. તેણે એવી નેગેટિવ વાતો કરી કે, છેવટે યશસ્વીને પણ સાયન્ટિસ્ટ વિમલ સાહેબનો અભાવ આવી ગયો. પછી તે પણ જ્યાં–ત્યાં તેની નિંદા કરવા લાગ્યો.

ત્રીજા હતા આશ્રિતભાઈ. તેણે સૌથી પહેલા તો અનુભવી વૈજ્ઞાનિકનો ખૂબ આભાર માન્યો. પછી પૂર્ણ શ્રદ્ધાપૂર્વક ખોદકામ શરૂ કર્યું. થોડા દિવસ બાદ એક વિઘ્ન આવ્યું. ઉનાળાની તિક્ષ્ણ ગરમી અને સખત મહેનતને કારણે તે બીમાર થઈ ગયા. તે વખતે યશસ્વીભાઈએ વિમલ સાહેબ વિશે કેટલીક નેગેટિવ વાતો કરી, પરંતુ આ બધી જ પરિસ્થિતિમાં આશ્રિતભાઈ સહેજ પણ ડગ્યા કે હિંમત હાર્યા નહીં. અવાર–નવાર પેલા અનુભવી સાયન્ટિસ્ટની સલાહ લેતા ને તેના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખતા. ફરી સવાયા ઉત્સાહથી પોતાનું કાર્ય કરવા લાગ્યા.

વૈજ્ઞાનિક વિમલ સાહેબે જણાવેલ ટાઈમ લિમિટ પૂરી થઈ પણ હજુ સફળતા ન મળી. તે વખતે યશસ્વીભાઈ ફરી મળવા આવ્યા. તેણે આશ્રિતભાઈના વિશ્વાસને અને સાયન્ટિસ્ટના સુઝાવને મૂર્ખામીમાં ખપાવવા ઘણા બધા તર્ક–વિતર્ક આપ્યા, પણ આશ્રિતભાઈ અડગ જ રહ્યા ને આગળ વધતા રહ્યા. છેવટે તેની મહેનત, અનુભવીનું માર્ગદર્શન અને પ્રભુની કૃપાથી આશ્રિતભાઈ અબજોપતિ બની ગયા.

આમાં સૌથી મહત્ત્વનો મુદ્દો છે – સાયન્ટિસ્ટનો અનુભવ સાચો હતો, તેણે કૃપા કરી વિના સ્વાર્થે



ત્રણેયને સલાહ આપી હતી; છતાં ૨ ફેઈલ થયા ને ૧ ફાવી ગયા. તેનું રહસ્ય શું ? તો મનસ્વીમાં અનુભવીના વિશ્વાસે સખત પરિશ્રમ કરવાની શ્રદ્ધા નહોતી. તે તો તન-મનના સુખમાં રાચનાર મનનો ગુલામ હતો. યશસ્વીને વાત સારી ને સાચી લાગી, પણ ભીડો વેઠી છેક સુધી ટકી રહેવાની તૈયારી નહોતી. જ્યારે ભીડો આવવા લાગ્યો ત્યારે નેગેટિવ થઈ ગયો. વળી તેનું મન મોળું પડી ગયું હતું અને મનસ્વી જેવાના નેગેટિવ શબ્દો અડી ગયા. એવો એ કાનનો કાચો હતો.

**પોતાના ધ્યેયને પામવા ભીડો વેઠવાના ખરા સમયે નિ:સ્વાર્થ અનુભવીનો આશરો લેવાને બદલે મનમુખીની વાતને માની અનુભવીથી આઘા થઈ જવાય તો સફળતા આપણાથી દૂર થઈ જાય છે.**

જ્યારે આશ્રિતભાઈમાં અનુભવીનો વિશ્વાસ, ભીડો વેઠવાની પૂર્ણ તૈયારી અને નેગેટિવ માણસોના નબળા શબ્દોથી સાવધાન રહેવાની ચકોરતા ભરપૂર હતી.

વહાલા ભક્તો ! આ ત્રણેય પ્રકારના વ્યક્તિત્વો આધ્યાત્મિક માર્ગમાં પણ હોય છે. મનસ્વી અને યશસ્વી જેવા વિચારો ઓછા-વધુ અંશે આપણામાં પણ હોઈ શકે છે.

આપણે પ્રભુ પામવાના માર્ગે છીએ. પણ જો આપણામાં મુમુક્ષુતા ઓછી અને બુભુક્ષુતા વધુ હોય તો તન-મનના સુખથી ઉપર ઊઠવાની વાતમાં આપણને મનસ્વીભાઈની જેમ ઝાઝો રસ પડે જ નહીં.

મુમુક્ષુતાને કારણે વિષયસુખનો ત્યાગ કરી પ્રભુને પામવાની વાત ગમતી હોય, પરંતુ માન-અપમાનનો ભીડો વેઠી, પ્રભુ પમાડનારમાં પૂર્ણ વિશ્વાસ ન હોય અને નિષ્ઠામાંથી પાછા પડી ગયેલાથી સાવચેત રહેવાની સજાગતા ન હોય, તો યશસ્વીભાઈની જેમ ભયંકર ભૂલ થઈ જાય ખરી !

જુઓને ! ગઢપુરના ગ્રામજનો, એભલબાપુ, જીવાબાપુ અને તેના પરિવારને પ્રગટપ્રભુનો યોગ થયો હતો. મુક્તાનંદ સ્વામી જેવા સંતો મળ્યા હતા. તેમની ભેગા રહેવાનો શ્રેષ્ઠ ચાંસ મળ્યો હતો; છતાં તે બધા એકસરખા સફળ ન થયા. સહુકોઈ સર્વોપરી પ્રાપ્તિ પામી ન શક્યા. કેમ જે, ગઢડામાં મનસ્વીભાઈ જેવા જે બુભુક્ષુ હશે તેને શ્રીહરિ તથા નંદસંતોની વાતમાં પ્રતીતિ આવી જ નહીં. તે તો દાદાખાચર તથા તેના પરિવારને છેતરાઈ ગયેલા માનતા હોઈ શકે.

હવે મળેલાનો મહિમા અને આપણામાં દાસભાવ વધતો ને વધતો રાખીશું, તો આ જન્મે સર્વોત્તમ પ્રાપ્તિ થઈ જશે.

જીવાબાપુ જેવા માન-ઈર્ષ્યા મૂકી દાસના દાસ થઈ રહેવામાં અને બુઢા ધાધલ જેવાના કુસંગને ઓળખવામાં ભૂલ ખાઈ ગયા. દાદાખાચર અને તેના પરિવારજનો છેલ્લા શ્વાસ સુધી એ ભૂલથી બચ્યા અને શ્રીહરિ તથા મોક્ષદાતા સંતોની સંપૂર્ણ નિષ્ઠા રાખી તો સર્વોપરી પ્રાપ્તિ પામી ગયા.

હાલમાં આપણને આત્યંતિક કલ્યાણ પમાડી દે એવો યોગ મળી ગયો છે. હવે મળેલાનો મહિમા અને આપણામાં દાસભાવ વધતો ને વધતો રાખીશું, તો આ જન્મે સર્વોત્તમ પ્રાપ્તિ થઈ જશે. જો આપણી નબળાઈ અને નબળાના સંગથી સાવધાન નહિ રહીએ તો ગઢડાના જીવાબાપુ અને જૂનાગઢના રઘુવીરચરણ સ્વામીની જેમ ભયાનક વિઘ્ન પણ આવી શકે છે.

હે પ્રભુ ! આપના વહાલા સાચા સદ્ગુરુ તથા સંતો-ભક્તોમાં મને દિવ્યભાવ સદૈવ વધતો રહે અને તેમાં વિઘ્ન કરનારથી સદૈવ સાવધાની રહે એવી મારા ઉપર કૃપા કરશો...

●●●



# આવરદા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગામમાં સારા વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. તેમનું મોટું કુટુંબ, તેથી તે ગામમાં ભિક્ષા માગે પણ પૂરું ન થાય; એમ ઘણાં વરસ રહ્યું. પછી તેમના ઘરનાં માણસ કહે, ‘આપણે બીજું સારું ગામ શોધીએ તો આપણું પૂરું થાય.’

પછી ભૂદેવ ભાતું લઈને ચાલ્યા, ત્યાં એક ગામ આવ્યું. ગામના દરવાજા આગળ તેણે પથ્થરના પાળિયા જોયા. દરેક પાળિયા ઉપર લખેલ કે, ‘આ માણસ આટલા વરસ જીવ્યા.’ કોઈનું આયુષ્ય ત્રણ વરસ ને કોઈનું આયુષ્ય પાંચ વરસ; એમ પાળિયામાં લખેલ, તે ભૂદેવે વાંચ્યું. તેથી તેના મનમાં શોક થયો જે, ‘આ ગામમાં તો સહુ ઓછું જીવે છે. તો આવા ગામમાં શા માટે રહેવું ?’

બ્રાહ્મણને જોઈ ગામના લોકો કહે, ‘ ભૂદેવ, અમારે ઘેર પધારો, તમને લાડુની રસોઈ જમાડવી છે. પછી ઘેર લઈ જઈને ખૂબ જ ભાવથી જમાડ્યા. કોઈ કહે, ‘ભૂદેવ, ઉતારો અમારે ઘેર કરો.’ બ્રાહ્મણને થયું, આ મને ઓળખતા નથી છતાં રોકાવાની તાણ કેમ કરે છે ? તેમ છતાં તે રોકાયા.

ગામનો એવો રિવાજ હતો કે સાંજે સહુ કથા સાંભળવા જાય. દરેક માણસો જેટલી વખત કથામાં બેસે તે સહુ લખી લે. આ ભૂદેવ પણ કથામાં બેઠા, પણ આ લખાણ બાબતે કંઈ ન સમજ્યા. પછી રાત્રે ઉતારે આવીને સૂઈ ગયા.

સવારે ત્યાંના ભક્તો કહે, ‘ભૂદેવ, ઉદાસ કેમ લાગો છો ?’ તમે અહીં રોકાવ ને તમારાં પરિવારને પણ અહીંયાં લાવો.’ ત્યારે ભૂદેવ કહે, “તમારો ભાવ સારો છે. અહીં અમો આવીએ તો અમારે પોષણ થાય, પણ ગામમાં પેસતાં મેં પાળિયા દેખેલા. તેમાં સહુની ખૂબ જ ઓછી આવરદા લખેલી છે. તેથી અમો આવીએ તો થોડા વરસમાં મરી જઈએ.”

ત્યારે ભક્તો કહે, ‘તમો શું ભણ્યા છો ?’ તેમણે કહ્યું, ‘ભાગવત.’ ગામના લોકો કહે, ‘તમે ભણ્યા પણ ગણ્યા નહિ. જુઓ, અઢી વરસમાં માણસ મરી જતા હોય તો જુઓ આ અમારા પિતાશ્રીને સાઠ વરસ થયા, છતાં જીવે છે.’

ત્યારે ભૂદેવે પૂછ્યું, ‘તો પછી પાળિયા ઉપર થોડી જ આવરદા કેમ લખી છે ?’ ગામલોકો કહે, ‘ગઈકાલે આપણે કથામાં ગયા ત્યારે તમોએ જોયું હશે કે, દરેક લોકો લખતા હતા. પોતે કથામાં જેટલું બેસે તેટલો ટાઈમ તે લખી લે. જ્યારે તે મરે ત્યારે તેને જેટલી કથા સાંભળી હોય તેટલાં વરસ તે જીવ્યો કહેવાય. તે ડાયરીમાં લખાય છે; આવી રીતે અમારા ગામનો રિવાજ છે. હવે જે રોજ એક કલાક કથા સાંભળે તેના માટે મહિનો સવા દિવસનો થયો. બાર માસના પંદર દિવસ થયા. આ રીતે જો તે સાઠ વરસ જીવે તો તેમાં તેને અઢી વરસ જ સાચી જિંદગીનાં જીવ્યા કહેવાય. તેથી પાળિયા ઉપર એટલી જ આવરદા લખેલ છે.’ આમ તે ભૂદેવને સમજાવ્યું.

વહાલા ભક્તો, જિંદગીનો જેટલો સમય ભગવાન ભજવામાં વપરાયો તેટલું જ સાચું જીવન જીવ્યા ગણાય. બીજી જિંદગી નકામી જીવ્યા કહેવાય. આપણી જિંદગી વેડફાઈ ન જાય તેને માટે ખૂબ જ સાવધાન થઈને ભગવાનમય જીવવું, તો કલ્યાણનું કામ થશે. ●●●

"પ્રેરક પ્રસંગ"

# શાંતિનું રહસ્ય...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક મોટા આશ્રમમાં સંત–મહાત્મા રહેતા હતા. સાથે તેમના ઘણા શિષ્યો પણ હતા. બધા જ શિષ્યો ખૂબ આનંદથી સાધના–આરાધના કરતા હતા. શિષ્યોને કાંઈ મૂંઝવણ હોય, પ્રશ્નો હોય તો તેનું ગુરુદેવ નિરાકરણ કરે ને આધ્યાત્મિકતાના પાઠ ભણાવે.

એમાં એક દિવસ એક શિષ્યે ગુરુદેવ પાસે આવીને કહ્યું : "ગુરુદેવ, હું આપે બતાવેલ રાહ પ્રમાણે સાધના કરું છું, પરંતુ મનમાં થોડી અશાંતિ અને ઉદ્વેગ રહ્યા કરે છે."

ગુરુદેવે શિષ્યની આંખો સામે જોયું ને તેના અંતરની વેદના પામી ગયા ને કહ્યું : "તું મારી સાથે ચાલ, હું તને શાંતિનો ઉપાય બતાવું." આમ કહી શિષ્યને સાથે લઈને ગુરુદેવ જંગલ તરફ ચાલવા લાગ્યા. રસ્તામાં ગુરુદેવે એક મોટો પથ્થર ઉઠાવીને શિષ્યના માથા ઉપર મૂક્યો ને કહ્યું : "તું પથ્થર માથે પકડીને મારી સાથે ચાલવા માંડ." આથી શિષ્યે તે પથ્થર પોતાના માથે લઈને ગુરુદેવ સાથે ચાલવા માંડ્યું.

થોડો સમય ચાલ્યા ત્યાં પથ્થરના વજનથી શિષ્યનું માથું દુઃખવા લાગ્યું, તેમ છતાં ચૂપચાપ ચાલતો રહ્યો. ગુરુદેવ કાંઈ કહેતા નથી. બંને ચાલ્યા જાય છે. પરંતુ હવે શિષ્યથી પથ્થરનું વજન સહન થતું નથી. માથું ખૂબ દુઃખવા માંડ્યું ને અંતે થાકીને કહે છે : "ગુરુદેવ ! હવે મારાથી આ પથ્થરનું વજન સહન થતું નથી માથું દુઃખવા માંડ્યું છે."

ગુરુદેવે તરત જ કહ્યું : "તો પથ્થર નીચે નાંખી દે." એટલે શિષ્યે તરત પથ્થર નીચે નાંખી દીધો ને લાંબો શ્વાસ લઈને હાશકારો અનુભવ્યો. ગુરુદેવે કહ્યું : "હવે શાંતિ થઈ ગઈ ને ?" શિષ્યે કહ્યું : "હા ગુરુદેવ."


ગુરુદેવે શિષ્યને પ્રેમથી કહ્યું : "બેટા ! તેં મને પ્રશ્ન પૂછ્યો હતો તેનો આ જવાબ છે."

"ગુરુદેવ હું કાંઈ સમજ્યો નહિ." શિષ્યે આશ્ચર્ય સાથે કહ્યું.

ત્યારે ગુરુદેવે કહ્યું : "મૂંઝવણરૂપી પથ્થર માથામાં રાખીશ ત્યાં સુધી ઉદ્વેગ–અશાંતિ મટશે નહીં. એને નાંખી દે ગુરુના ચરણોમાં, એટલે તરત શાંતિ. આ જ છે શાંતિનું રહસ્ય."

શિષ્યને વાત સમજાય ગઈ. ગુરુદેવ આગળ મનની બધી જ મૂંઝવણ કહી દીધી. ગુરુદેવના રાજીપાથી તેની બધી જ મૂંઝવણ ટળી ગઈ ને અંતરમાં પરમ શાંતિનો અનુભવ થયો.

વહાલા ભક્તો ! જીવન છે તો ક્યારેક નાના મોટા પ્રસંગોથી આપણા અંતરમાં પણ મૂંઝવણ, હતાશા, નિરાશાનાં વમળો આવ્યા જ કરતા હોય છે. જ્યાં સુધી મન ઉદ્વિગ્ન હોય ત્યાં સુધી આવો દિવ્ય માહોલ મળવા છતાંય અંતરમાં શાંતિનો અનુભવ થતો નથી. મહારાજે આપણને દયા કરી આવો દિવ્ય સત્સંગ આપ્યો છે. આપણી મૂંઝવણને ટળાવનારા સાચા સત્પુરુષ અને સંતો આપ્યા છે. બસ, એમની આગળ અંતર ખોલી હળવા થઈ જઈએ તો પરમ શાંતિનો અનુભવ આપણને પણ થશે. ●●●





# આપણાં સુખ-દુઃખ...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

**વહાલા ભક્તો ! આપણાં સુખ-દુઃખ કોઈ દુન્યવી પદાર્થો, અન્ય વ્યક્તિઓ, બાહ્ય પરિબળો કે પરિસ્થિતિ આધારિત ન જ હોવાં જોઈએ. જો તે પરિબળો આપણને સુખી-દુઃખી કરી જાય તો એમ કહી શકાય કે આપણે તેનાં ગુલામ છીએ.**

(૧) કાંઈક સત્તા, સંપત્તિ આદિક જોઈએ છે તે ન મળે અથવા તો મળ્યું હોય તે ટળી જાય. (૨) કોઈક કાર્ય કરવામાં સફળતા ન મળે અથવા તો મળેલી સફળતા અચાનક નિષ્ફળતામાં બદલાઈ જાય. (૩) આપણે ડોક્ટર, ગાયક, લીડર વગેરે કાંઈક બનવું હોય તે ન બની શકાય અથવા તો બન્યા હોય ને અચાનક એ ડીગ્રી કે મોટપ ટળી જાય.

ઉપરોક્ત આવી બધી બાબતોથી આપણે હતાશ, નિરાશ કે દુઃખી ન થવું જોઈએ. કેમ જે, આ લોકમાં કાંઈ સ્થિર છે જ નહીં; તો ભલા એ બાબત આપણને કઈ રીતે કાયમી સુખ આપી શકવાની છે ? આ લોકનું દુન્યવી માયિક સુખ તો તુચ્છ, નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે; માટે આપણને દુઃખી કરવામાં જવાબદાર એવી માયિક સુખની પ્રબળ ઈચ્છાઓ છોડી દેવાથી જ સુખી રહેવાશે.

આધ્યાત્મિક માર્ગમાં આ મુદ્દો ગહેરાઈથી સમજવા જેવો છે. પૂ.ગુરુજીએ પોતાના નિજી ચિંતનના સારરૂપ એક દોહામાં દુઃખનું ઉદ્‌ભવબિંદુ દર્શાવતાં કહ્યું છે...

**કરવું છે તે અહંકાર, થાવું છે તે માન;**
**જોઈએ છે તે વાસના, ત્રણેય તજી દો જ્ઞાન.**

જો કે આ દોહાનું યથાર્થ ઊંડાણ તો પૂ.ગુરુજી જેવા મોટા જ જાણી શકે; તેમ છતાં આપણા લેવલે આ વાતને સમજવાનો-અભ્યાસ કરવાનો પ્રયાસ કરીએ, તો એનાથી આપણા દુઃખનાં ઘણાં બધાં દ્વારને આપણે બંધ કરી શકીએ.

જે વ્યક્તિ કાંઈક કરવાની, કાંઈક થવાની અને કાંઈક ભોગવવાની પોતાની માયિક બળવત્તર ઈચ્છાઓને ઓળખી શકે છે, દાબી શકે છે, મારી શકે છે તેનાથી દુઃખ ઘણું દૂર રહે છે. હવે પ્રશ્ન એ થાય કે આ બધી માયિક સુખની ઈચ્છાઓનો ત્યાગ શેના આધારે કરવો ? તો... પરમાત્માના આધારે. **પરમ સુખદાતા શ્રીહરિમાં ખોવાયેલા રહેવું. એમનામાં કર્તા-હિતકર્તાપણાનો જોરદાર વિશ્વાસ રાખવો. એ જેટલું આપે તેમાં જ પરમ સંતોષ માનવો.**

આમ તો પ્રભુએ આપણને જરૂરિયાતથી પણ અનેક ગણું વધુ આપ્યું છે, તેમ છતાં કેટલીક વખત આપણે એમાં સુખ માણવાને બદલે જે નથી મળ્યું તેની ઈચ્છા-લોભ રાખીને તેને મેળવવાના લાવા-ઝંખામાં ખોટા દુઃખી થઈએ છીએ. ખરેખર આપણે સુખી જ થવું હોય તો આપણી જરૂરિયાત ઉપર સ્થિર રહી અટકવાનું હોય છે. ત્યાં અટકતા નથી એ જ બાબત આપણા દુઃખનું કારણ બને છે. જરૂરિયાતથી ઉપરની આપણી ઈચ્છાઓ અને મહત્વાકાંક્ષાઓ જ આપણને દુઃખી કરી જાય છે.

**દરેક માનવીના જીવનમાં સુખ-દુઃખનું ચક્ર ચાલ્યા જ કરતું હોય છે પરંતુ જે વ્યક્તિ સમજણથી સંતોષ રાખે તે સુખી રહી શકે.** બાકી તો પ્રભુએ ગમે તેટલું આપ્યું હોય તોય દુઃખી જ રહે.

એક ભાઈ નિરાશ હતો. કોઈએ તેને જોબ અપાવીને સુખી કર્યો. રોજ ૩ કિલોમીટર ચાલીને તે ઉત્સાહથી નોકરીએ જવા લાગ્યો. અમુક દિવસો બાદ બાજુવાળાને સાયકલ પર જતો જોઈ ચાલીને નોકરીએ જવામાં તેને દુ:ખ અનુભવાયું. પછી માંડ સગવડતા કરીને તે સાયકલ લાવ્યો, પરંતુ સમજણ અને સંતોષના અભાવે એનું સગવડતારૂપ સુખ પણ દુ:ખના ચક્રની ગતિને કેમેય રોકી શક્યું નહીં.

થોડા દિવસ બાદ બાઈકવાળાને જોઈ તેને પેડલ મારવાનું કઠણ પડવા લાગ્યું ને ફરી પાછું દુ:ખ શરૂ થઈ ગયું. સમય જતાં એકવાર તે બાઈક પણ લઈ આવ્યો ને માનવા લાગ્યો કે બસ હવે શાંતિ; હવે તો હું સુખી થઈ ગયો. થોડા સમય પછી આર્થિક સગવડતા થતાં હવે બાજુવાળાની કાર જોઈને તેને કાર લેવાના વિચારોમાં પોતાની બાઈક સામાન્ય લાગવા માંડી.

છેવટે તે ફોર વ્હીલ લઈ આવ્યો. પરંતુ હજુ પણ કારના નવા નવા મોડલમાં તેનું મન લલચાયા કરતું હતું, એને લઈને તેના વિચારોમાં સતત એ જ વાત રમતી હતી કે હવે તો હું ધનવાન છું. ચાલુ ગાડીમાં મારું માન શું ? કંપનીમાં જવાનું હોય અને આવી ગાડી મને કેમ શોભે ? આમ હવે જ્યારથી તેના વિચારોમાં કારનું નવું મોડલ ચડ્યું છે ત્યારથી પોતા પાસે ફોર વ્હીલ હોવા છતાં તેને એનું સુખ ચાલ્યું ગયું છે. હજુ નવી કાર મેળવવાના વિચારોમાં તે વ્યર્થ દુ:ખી છે.

આ વ્યક્તિ ક્યાં અટકશે ? શું હવે તેને આગળ ઈચ્છા નહિ થાય ? ઈચ્છાઓનો કોઈ એન્ડ જ નહિ ? આવું તે કેવું જીવન ? તેના સુખની બોર્ડરલાઈન કઈ ? કઈ ગાડીમાં તે કાયમી સુખી થશે ? **તેને સારામાં સારી કાર તો શું; પ્લેન મળશે તોપણ તે દુ:ખી જ રહેવાનો. સંતોષરૂપી સમજણ આવ્યા વિના ગમે તેટલું હોવા છતાં તે સુખી નહિ જ રહી શકે.**

વહાલા ભક્તો ! આપણને પણ આજ દિન સુધી પૈસો-પ્રતિષ્ઠા-માન-મોટપ વગેરે ઘણું ઘણું મળ્યું છે તોય સુખી નથી થયાં, તો હવે આગળ શું મળશે ત્યારે આપણે સુખી થઈશું ? બસ હવે આટલું ધન ઘણું, આટલું માન-સન્માન ઘણું, આટલી આયુષ્ય ઘણી, આટલું ભોજન ઘણું; એમ થવું જોઈએ ને !

શું ડોક્ટરની વોર્નિંગ આવે કે તમારે ડાઈટિંગ કર્યા વિના છૂટકો જ નથી ત્યારે જ અટકવાનું ? રિપોર્ટમાં ડાયાબિટીસ આવે ત્યારે જ ગળપણ છોડવાનું ? આપણા ઘરમાં સારામાં સારી ફોર વ્હીલ હોવા છતાં ડાઈટિંગ માટે રોજ ૩ કિલોમીટર ચાલવું પડે... ઘરમાં સારામાં સારું ભોજન બનાવ્યું હોવા છતાં કાચું ખાઈને જીવવું પડે... આવી બધી પરિસ્થિતિઓ આવી પડે એ પહેલાં જ આપણે જાગી જઈએ તો એ આપણી સુજ્ઞતા કહેવાય.

હજુ થોડું... હજુ થોડું... એમ ખાધા જ કરીએ, ભોગવ્યા જ કરીએ, ઈચ્છ્યા જ કરીએ તો પછી આગળ જતાં દુ:ખ જ ભોગવવું પડે. આપણે મોબાઈલના મોડેલ બદલ્યા કરીએ; અનેક પ્રકારનું ખાવામાં પાછું વળીને જોઈએ જ નહિ, નવાં નવાં કપડાંઓ અને સાધનો ખરીદ્યા કરીએ, ઘરમાં વધુ પડતું ફર્નિચર-રાચરચીલું અને જાકમજોળ કરીએ તો આ બધા આપણા ફંદા છે, મોજશોખ છે; નહિ કે આપણી જરૂરિયાત.

**આપણી મહત્ત્વાકાંક્ષાનો તો કોઈ એન્ડ જ નથી. પરિણામે આપણી પાસે શું-કેટલું હોય તો આપણે પોતાને સુખી-ધનવાન માનીએ, એ કહેવું મુશ્કેલ છે; માટે આપણી સાચી જરૂરિયાત તપાસી ત્યાં અટકવું જોઈએ.**

જીવનમાં દરેક બાબતની બોર્ડરલાઈન બાંધવી જોઈએ. આપણને ભગવાને હાલ જે માન-મોટપ આપ્યાં છે, સુખ-સંપત્તિ ને આબરૂ આપી છે; કમસેકમ તેમાં તો સંતોષ માનવો જ જોઈએ. કેમ જે, પ્રભુએ આ બધું આપણી પાત્રતા કરતાં ઓલરેડી વધુ જ આપ્યું છે. **પ્રભુ ક્યારેય આપણને જરૂરિયાતથી જરાય ઓછું આપતા નથી; એ તો આપણી જરૂરિયાતની અંતિમ રેખા જ ખોટી હોય છે...** ●●●




# શુદ્ધ ભાવ કેવું કામ કરે..!

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક સમે મહારાજ વાસુદેવનારાયણના ઓરડામાં વિરાજમાન હતા. ત્યારે કોઈક પ્રેમી હરિભક્તે આવીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ, મારે સાધુ જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કેટલા સાધુ જમાડવા છે ?" ત્યારે તે હરિભક્તે કહ્યું જે, "મહારાજ, મારે સો સાધુ જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદ સ્વામીને કહો જે, સંતો જમવા આવે."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ સાધુને બોલાવવા મોકલ્યા. ત્યારે સાધુ આવ્યા ને દરબારમાં પંક્તિ થઈ. ને લાડવા લખુ કંદોઈને હાટેથી લાવીને વાસુદેવનારાયણના ઓરડા આગળ લોઢાની કડાઈમાં નાંખ્યા; તે લાડવા ચારસો હતા. ત્યારે મહારાજ ઓરડામાંથી આવીને આથમણે પડખે ખુરશી નાંખીને તે ઉપર બેઠા. ત્યારે તે પેલા પ્રેમી હરિભક્તે મહારાજને ખુરશી ઉપરથી તેડી જઈને લોઢાની કડાઈમાં લાડવા હતા તે દેખાડ્યા ને કહ્યું જે, "મહારાજ, ચારસે લાડવા છે ને બીજા લાડુનું મેં કંદોઈને કહ્યું હતું; પણ તૈયાર ન કર્યા." એમ કહીને તે હરિભક્તની આંખમાંથી પાણી નીકળવાં મંડ્યાં ને બહુ દિલગીર થયા.



મહારાજે તેમની સામું જોઈને કહ્યું જે, "ભગત, શા સારુ દિલગીર થાવ છો ?" ત્યારે તેણે મહારાજને વિનંતીએ સહિત કહ્યું જે, "મહારાજ, મારો મનોરથ ખોટો થઈ ગયો. મારો મનોરથ એવો હતો જે, મહારાજ સાધુને લાડવા સારી પેઠે પંક્તિમાં ફરીને જમાડે. અને લાડવા તો થોડા છે; તેથી મારો મનોરથ ખોટો થઈ ગયો." ત્યારે તે પ્રેમી ભક્તનો ભાવ જોઈને મહારાજ રાજી બહુ થયા ને તે હરિભક્તના બરડા ઉપર બે–ત્રણ વાર હાથ ઠબકાર્યો ને કહ્યું જે, "કાંઈ ચિંતા રાખશો મા. તમારો મનોરથ છે તે સારી પેઠે પૂરો થશે, ને અમે લાડવા સારી પેઠે જમાડશું, ને પંક્તિમાં સારી પેઠે ફરશું, તોપણ લાડવા નહિ ખૂટે ! ને તમારો મનોરથ પૂરો થશે."

એમ કહીને મહારાજે સંતોની પંગતમાં લાડવા ફેરવવા માંડ્યા. પહેલી વાર પંક્તિમાં ફર્યા ત્યારે ચાર–ચાર લાડુ સાધુને દીધા. ને બીજી વાર ફર્યા ત્યારે બબ્બે ને ત્રીજી વાર ફર્યા ત્યારે દોઢ–દોઢ લાડુ ફેરવ્યો. ને ચોથી વાર ફર્યા ત્યારે અકેકો લાડવો ફેરવ્યો. ને પાંચમી વાર ફર્યા ત્યારે અડધો–અડધો લાડવો ફેરવ્યો. ને

છઠ્ઠી વાર ફર્યા ત્યારે કોઈએ લીધો નહિ. ને સાતમી વાર ફર્યા ત્યારે મહારાજ ચરણારવિંદ દેતા આવે ને લાડુ દેતા આવે; ને એક લાડુ લે તેને એક ચરણારવિંદ આપે ને બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપે. ને આઠમી વાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે. ને નવમી વાર ફર્યા ત્યારે એક લાડવો લે તેને બે ચરણારવિંદ આપે ને બે હાથ મસ્તક ઉપર મૂકે; એવી રીતે ફરીને તે હરિભક્તને કહ્યું જે, “કેમ ભગત ! તમારો મનોરથ પૂરો થયો ?” ત્યારે હરિભક્તે હાથ જોડીને કહ્યું જે, “મહારાજ ! રાજી થયાનું પોતે કરાવી રાજી થાઓ છો કેવા કૃપાળુ..! હે મહારાજ ! મારો મનોરથ તમે દયા કરીને પૂરો કર્યો.” આવી ભગવાનની કરુણા જોઈને તે ભક્તની આંખો ભીની થઈ ગઈ.

પછી મહારાજે હાથ ધોયા ને બ્રહ્મચારીએ રૂમાલ આપ્યો તે લઈને હાથ કોરા કર્યા. ત્યારબાદ મહારાજ તે હરિભક્તનો હાથ ઝાલી જ્યાં લાડવાનું કડાયું હતું ત્યાં લઈ ગયા ને કહ્યું જે, “જો, આ લાડવા સાધુ જમ્યા તોય વધ્યા ને ! તું કહેતો હતો જે, ‘લાડવા થોડા છે’ ને દિલગીર થઈ ગયો હતો, તોપણ લાડવા તો વધ્યા !” એમ કહીને મહારાજ ખુરશી ઉપર વિરાજમાન થયા. વળી, એ હરિભક્તને કહ્યું જે, “લાડવા ગણી જો, કેટલા રહ્યા ?”


ત્યારે તેણે આવીને કહ્યું જે, “મહારાજ, ચારસો ઉપર એક લાડવો છે.” ત્યારે મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસ્યા ને કહ્યું જે, “કેમ ભગત, તમારો મનોરથ પૂરો થયો ?” ત્યારે તે હરિભક્તે મહારાજને પગે લાગીને કહ્યું જે, “હે મહારાજ ! તમે મારા ઉપર પૂરણ દયા કરી !” પછી તે હરિભક્તને કહ્યું જે, “દરબારમાં બાઈઓ ને બીજાં મનુષ્ય હોય તેને જમાડો.” એમ કહીને મહારાજ અક્ષરભુવનમાં પધાર્યા.

વહાલા ભક્તો ! આપણા હૃદયમાં ભગવાનને રાજી કરવાની સાચી ભાવના હોય, દીનપણું હોય તો ભગવાન રાજી થઈને આપણા સર્વે મનોરથ પૂરા કરે છે. આમ, ભગવાન કૃપા કરીને આપણને કેવળ દયાથી એમની મૂર્તિમાં હેત કરાવે છે; માટે ભગવાનને રાજી કરવાની ભાવનાઓ કર્યા કરવી. ●●●










**आत्मघातस्तु तीर्थेऽपि, न कर्तव्यश्च न क्रुधा।**
**अयोग्याचरणात् क्वापि, न विषोद्बन्धनादिना ॥१४॥**

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો ને ક્રોધે કરીને ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. (૧૪)



# હરિ સંભારવા આગ્રહથી...

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



સોરઠ પ્રદેશમાં માણાવદર ગામે શ્રીસ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત મયારામ ભટ્ટ રહેતા હતા. એક વખત મયારામ ભટ્ટ અને તેમના નાના ભાઈ ગોવિંદરામ નવો વેપાર કરવાની ચર્ચા કરતા હતા. ચર્ચામાં તેમને વાતો થઈ કે, "અનાજનો વ્યાપાર આપણો જાણીતો છે; એટલે તેમાં ઠીક પડશે. ઘી, તેલ વગેરે રસનો વ્યાપાર કરીએ, પણ તે બ્રાહ્મણને માટે નિષિદ્ધ છે. કાપડનો આપણને અનુભવ નથી, તેથી તે અજાણ્યા ધંધામાં આપણને ફાવશે નહીં."

આ રીતે દરેક ધંધાના ગુણ-દોષની અને નફા-તોટાની ચર્ચા કરતાં સવારના ચાર વાગ્યા અને કૂકડો બોલ્યો, ત્યારે મયારામ ભટ્ટે પૂછ્યું કે, "ગોવિંદરામ આ શું થયું ?" ત્યારે તે કહે, "ભાઈ સવારના ચાર વાગ્યા."

મયારામ ભટ્ટ કહે, "વ્યાપારની વાત કરવામાં આખી રાત્રી ગઈ ને પ્રભુ ભૂલ્યા, તો પછી માલ ઘરમાં આવશે ત્યારે શું થશે ? અત્યારે જે રીતે ધ્યાન, ભજન ને સેવા થાય છે; તે નહિ થાય ! માટે જેનાથી ભગવાનના અવિનાશી સુખે સુખિયા થઈ જવાય, તેવા પ્રભુનાં ધ્યાન-ભજનમાં હાનિ પહોંચાડે એવો ધંધો શું કામ કરવો ? વળી, જોઈએ તેટલાં અન્ન-વસ્ત્ર તો પ્રભુની દયાથી મળી રહેશે, માટે હવે આપણે બીજી કાંઈ પણ પ્રવૃત્તિ કરવી નહીં." આ પ્રમાણે વિચારીને તેમણે જિંદગી પર્યંત વ્યાપાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

વહાલા ભક્તો, મયારામ ભટ્ટ અને તેમના ભાઈ ગોવિંદરામ ભટ્ટની આ વાત જાણીને એવું નથી લાગતું કે **આપણો અંતસમયનો કૂકડો બોલે તે પહેલાં ભગવાનને પામવા માટે જે કરવાનું હોય તે કરી લેવું.** સહેજે દેહનિર્વાહ થતો હોય અને જીવનમાં આવતાં પ્રસંગો ઉકલી જતા હોય, **તો ભગવાનનું ભજન કરી લેવું.**

હજુ પણ સત્સંગમાં જૂનાગઢના જોગી સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોના પડઘા પડે છે કે 'કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારી લેવો.' પરંતુ મોહ અને અજ્ઞાનરૂપી કચરું કાનમાં એટલું બધું પડ્યું છે કે તે પડઘા પણ સંભળાતા નથી. માટે રોજ કથાવાર્તાના શ્રવણ દ્વારા એ કચરું કાઢતા રહેવું, તો સત્સંગ, સેવા ને ભજન કરવાનું તાન રહે.

આપણા વહાલા ગુરુજી પણ કહે છે કે,

**હરિ સંભારવા આગ્રહથી, બીજું સહજ કરાય;**
**જ્ઞાન જો ઊલટું થાય તો, સમજો ગયા મરાય.**

વળી, જે ભગવાનનું ભજન કરે છે, સત્સંગ અને સેવા કરે છે; એનું તો ભગવાન પોતે ધ્યાન રાખે છે, એટલે જ શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન કહે છે કે,

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥**

**જેઓ મારા ભજન વિના જીવી શકે તેમ નથી. અને એટલે જ જેઓ સતત મારું ધ્યાન-ચિંતન કરતા થકા મને સર્વ પ્રકારે સેવે છે. અને આ રીતે મારા સ્વરૂપમાં સદા સંયોગ-વિરામ પામેલા એવા તે સંતો-ભક્તોના યોગ અને ક્ષેમનું હું જ વહન કરું છું.**

આમ, શ્રીહરિનું ભજન કરનાર આ લોકમાં સુખી રહે છે અને અંતે શ્રીહરિના ધામને પામી ત્યાં શાશ્વત ને દિવ્ય સુખ માણે છે. તો ચાલો, હવે ભજનમાં લાગી જઈશું ને ? ●●●

INDEX

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ. શ્રીખોડાભાઈ વિઠ્ઠલભાઈ હડિયલ–ખસ



મૂળગામ ખસના કુંડળધામમાં સમર્પિત થઈને સેવા કરતા પ.ભ.શ્રીખોડાભાઈ વિઠ્ઠલભાઈ હડિયલ તા.૦૬/૦૩/૨૦૨૪ના રોજ ૮૩ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. ખોડાદાદાએ ૨૪ વર્ષ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર–કુંડળધામમાં સમર્પિત થઈને ભાવ, નિષ્ઠા અને વિશ્વાસપૂર્વક સેવા કરીને સંતો–ભક્તોનો ખૂબ રાજીપો લીધો હતો. ૨૪ વર્ષમાં કોઈને તેમનાથી તકલીફ થઈ હોય, કોઈ દુ:ખાઈ ગયા હોય એવી એક પણ ફરિયાદ તેમની કોઈએ કરી નથી; એવું નિર્મળ અને ફરિયાદરહિત તેમનું જીવન હતું. આજે ઘરોઘર જમવા માટે કંકાસ–ઝઘડા થતા હોય છે, પરંતુ ખોડાદાદા ક્યારેય જમવા બાબતે કશું બોલતા નહીં, પોતાના શરીરને જે અનુકૂળ આવે એટલું–એવું જમી લેતા; એવા તેઓ નિ:સ્વાદી હતા.

સવારે વહેલા ૩:૩૦ વાગે જાગીને હરિસ્મૃતિનું પહેલું પ્રકરણ ગાતાં ગાતાં દૈહિક ક્રિયા કરતા. વળી ૧૫૦ ઉપરાંત કીર્તનો તેમજ ભક્તચિંતામણિ આદિનાં પ્રકરણો તેમને કંઠસ્થ હતાં. પ્રભાતફેરીમાં બધા ભક્તો પ્રસાદીના સ્થાનોએ દર્શન કરવા આવે તે પહેલા તેઓ અગાઉથી ત્યાં જઈ પ્રસાદીના સ્થાનોની સાફ–સફાઈ વગર કહ્યે કરતા; આવું તેમનામાં ઘરધણીપણું હતું. સેવા કરવામાં, ભજન કરવામાં તેમને ઉત્સાહ એવો કે કોઈથી પાછળ ન રહે. કોઈ પૂછે કે આટલી ઉંમરે તમને થાક નથી લાગતો ? તો કહેતા કે "ભગવાન અને સંતોની સેવા કરવામાં થાક શાનો ?" તેમણે જીવનમાં એવો ઠરાવ કરેલો કે "મારે સંતો કહે તેમ જ કરવું છે." એવો સંતોના વચનમાં તેમને વિશ્વાસ હતો, અને એવું જ તેઓએ જીવન પર્યંત વર્તન કર્યું હતું.

તેઓ જ્યારે પોતાના ગામ ખસમાં ખેતીવાડી કરતા ત્યારે તેમને મંદિરે દર્શન કરવાનો નિયમ હતો. વાડીએથી આવતા ક્યારેક મોડું થઈ જાય અને મંદિર બંધ થઈ જાય તો મંદિરના ઓટલે બેસી બધા નિયમ પૂરા કરે અને પછી ઘેર જાય; એવી નિયમની દૃઢ ટેકવાળા હતા. આધ્યાત્મિક માર્ગમાં તેઓ કુશાગ્રબુદ્ધિવાળા હતા; કેમ જે, પોતાનું કલ્યાણ થાય એવું નૈમિષારણ્યક્ષેત્ર જેવું સ્થાન શોધી દૃઢ મન કરીને ત્યાં રહ્યા હતા.

આવા ભાવ, નિષ્ઠા, મહિમા, ખુમારીવાળા ખોડાદાદા કાયમ કહેતા કે "હું ગમે ત્યાં મરું પણ મને કુંડળધામમાં લાવી અગ્નિસંસ્કાર કરજો." અને એ પ્રમાણે તેમની અંતિમ ઈચ્છા મુજબ જ તેમના પાર્થિવ દેહનું કુંડળધામમાં સંતો–ભક્તોએ અંતિમ પૂજન કર્યું, નનામીને કાંધ આપી, અગ્નિસંસ્કાર કરી મૃત્યુ મંગળમય બનાવ્યું. બધા દોષો જેના ટળી ગયા હતા, વાસના જેની બળી ગઈ હતી ને અખંડ ભજન જેને ચાલું ને ચાલું જ રહેતું; એવા ખોડાદાદાના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની સેવામાં રાખી, પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા તેમના જેવા સદ્‌ગુણો આપણામાં પણ આવે એવી પ્રાર્થના....

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીરમણભાઈ ઈશ્વરભાઈ પટેલ–વડોદરા




વડોદરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.રમણભાઈ ઈશ્વરભાઈ પટેલ તા.૨૩/૦૩/૨૦૨૪ના રોજ ૮૮ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ–વડોદરામાં સેવાભાવી તરીકે સેવા કરતા દિલિપભાઈ(લાલાભાઈ)ના તેઓ પિતાશ્રી હતા. તેમનો આખો પરિવાર નિષ્ઠાવાન સત્સંગી છે અને સેવા કરે છે. જ્યાં સુધી રમણભાઈનું શરીર સારું હતું ત્યાં સુધી મંદિરમાં સેવા, ભજન કરતા. વળી તેમણે વચનામૃતના ૩૦૦ જેટલા પાઠ કર્યા હતા. સરકારી નોકરી કરતા હોવા છતાં તેમણે ક્યારેય લાંચ લીધી નથી,એવા પ્રામાણિક ભક્ત હતા. તેમને ભગવાનનું અખંડ સ્મરણ કરવાનું અંગ હતું. આવા સદ્‌ગુણી રમણભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● સપ્તદિનાત્મક જ્ઞાનયજ્ઞ – શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર, વેડરોડ–સુરત













સુરત શહેરના રાજાધિરાજ શ્રીનારાયણમુનિ દેવની છત્રછાયામાં આવેલ શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર, વેડરોડમાં બિરાજમાન **‘પિયુડા શ્રીઘનશ્યામ મહારાજના ૨૦મા પાટોત્સવ’** પ્રસંગે તા.૦૪ થી ૧૦ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન ‘પિયુડા ઘનશ્યામ દ્વિદશાબ્દી મહોત્સવ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામના શિષ્ય પૂ.સાધુ શ્રીઈશ્વરચરણદાસજી સ્વામી અને પૂ.સાધુ શ્રીનિરંજનદાસજી સ્વામીએ બિરાજી અનુક્રમે સદ્.શ્રીદયાનંદ સ્વામી રચિત ‘શ્રીહરિચરિત્રચિંતામણિ’ અને આદિ આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ રચિત ‘શ્રીહરિલીલામૃત’ ગ્રંથરાજની અનુપમ કથાનો લાભ આપી હજારો હરિભક્ત ભાઈઓ–બહેનોને ભગવાનમાં હેત કરાવવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. તા.૦૬/૦૩/૨૦૨૪ના રોજ પૂ.ગુરુજીએ સુરત પધારી શ્રીહરિકૃષ્ણચરિત્રામૃત સાગરની કથા–વાર્તાનો લાભ સૌને આપ્યો હતો તથા બીજે દિવસે પિયુડા શ્રીઘનશ્યામ મહારાજના ૨૦મા પાટોત્સવ નિમિત્તે અભિષેકનો લાભ પણ લીધો હતો.

કથા પ્રારંભ પૂર્વે શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર, વેડરોડથી ધામધૂમથી નીકળેલ પોથીયાત્રા કથાસ્થળ દેવમણી ફાર્મ ખાતે પહોંચી હતી. પ.પૂ.સદ્.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી–ધોરાજી, પ.પૂ.સદ્.શ્રીપ્રભુચરણદાસજી સ્વામી, વેડરોડ–સુરત, પ.પૂ.શ્રીપુરુષોત્તમપ્રકાશદાસજી સ્વામી–કોઠારીશ્રી, રામપુરા–સુરત અને પ.પૂ.સદ્.શ્રીહરિપ્રિયદાસજી સ્વામી–વેલંજા તેમજ યજમાનશ્રીના કરકમળ દ્વારા દીપપ્રાગટ્ય કરી મહોત્સવનો પ્રારંભ થયો હતો.

આ મહોત્સવ દરમ્યાન હરિયાગ, જળયાત્રા, અભિષેક દર્શન, અન્નકૂટ આરતી–દર્શન જેવા કાર્યક્રમોનો લાભ લઈ સહુ ધન્ય બન્યા હતા. વળી, આ પ્રસંગે ગાંધીનગર નિવાસી પ.પૂ.સદ્.શા. શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી તેમજ ધામોધામથી અનેક બ્રહ્મનિષ્ઠ સંતોએ પધારી દર્શન–આશીર્વચનનો લાભ આપ્યો હતો.

આ સમગ્ર મહોત્સવના યજમાનપદની સેવાનો લાભ અ.નિ.પ.ભ.શ્રીભીમજીભાઈ કેશુભાઈ બલરની પુણ્યસ્મૃતિમાં તેમના સુપુત્ર પ.ભ.શ્રીરોહિતભાઈ બલર–શાખપુરવાળા તથા પૌત્ર અક્ષ વગેરે પરિવારજનોએ લીધો હતો.

## ● સ્વામિનારાયણ પ્રીમિયર લીગ (SPL)–૬, કુંડળધામ




આજના આ આધુનિક યુગમાં યુવાનો અને બાળકોનું સર્વાંગી ઘડતર થાય તથા આનંદ –કિલ્લોલ અને ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત થાય તેવા શુભ હેતુથી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામની પ્રેરણાથી તા.૦૯/૦૩ થી તા.૧૦/૦૩/૨૦૨૪ દરમ્યાન શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ–વડોદરા અને કુંડળધામ સંચાલિત બાળ–યુવા પ્રવૃત્તિ દ્વારા આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૭ ઝોનમાંથી સહજાનંદી યુવાનોની ૧૨ ટીમોએ ખૂબ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો હતો. શ્રીસ્વામિનારાયણ મંદિર–કુંડળધામમાં આવેલા કથામંડપમાં હરિભક્તો અને યુવાનોની હાજરીમાં રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાન, પૂ.ગુરુજીના સેવનીય સ્વરૂપ વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂ.ગુરુજીએ પૂજન કરી સૌ યુવાનોને આશીર્વાદ આપી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

આ ટુર્નામેન્ટમાં સમયે સમયે પૂ.ગુરુજી તથા પૂ.સંતોએ હાજરી આપી યુવાનોને પ્રોત્સાહન અને રાજીપો આપ્યો હતો. ઉપરાંત બંને દિવસ પૂ.સંતોએ ગોષ્ઠી અને વિવિધ ઉત્સવો દ્વારા યુવાનોનું આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું હતું. છેલ્લા દિવસે દયાળુબાગમાં પૂ.ગુરુજીએ વિનર ટીમ સુરત વેડરોડ તથા રનર્સ અપ ટીમ આણંદને ટ્રોફી વિતરણ કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર સર્વે યુવાનો પૂ.ગુરુજી તથા પૂ.સંતોનો રાજીપો મેળવી ખૂબ આનંદ પામ્યા હતા. આ સમગ્ર ટુર્નામેન્ટના યજમાનપદની સેવાનો લાભ શ્રીસ્વામિનારાયણ સત્સંગ મંડળ– આણંદે લીધો હતો.

## ● શિલાન્યાસ મહોત્સવ–કોસાડ

ભક્તિબાગ–કોસાડને આંગણે નૂતન શિખરબદ્ધ શ્રીસ્વામિનારાયણ મંદિરના નિર્માણ અંતર્ગત પ.પૂ.સદ્.શ્રીહરિવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૦૨ થી ૧૦ માર્ચ ૨૦૨૪ દરમ્યાન **"ભવ્ય શિલાન્યાસ મહોત્સવ"**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી–સરધારના શ્રીમુખે કથા–વાર્તાના માધ્યમે હજારો હરિભક્તોને આધ્યાત્મિક માર્ગનું પોષણ મળ્યું હતું. તેમજ પ.પૂ.શા.શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામીના શ્રીમુખે 'શ્રીહરિચરિત્ર કથા'નો પણ વિશેષ લાભ પ્રાપ્ત થયો હતો.

તા.૦૪/૦૩/૨૦૨૪ ને સોમવારના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજના શુભહસ્તે મંદિરના શિલાન્યાસનો વિધિ સંપન્ન થયો હતો. આ શિલાન્યાસવિધિમાં ધામોધામથી બ્રહ્મનિષ્ઠ સંતોએ પધારી દર્શન–આશીર્વાદનો લાભ આપ્યો હતો. આ



પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામ વતી તેમના શિષ્ય પ.પૂ.સાધુ શ્રીઈશ્વરચરણદાસજી સ્વામીએ ઉપસ્થિત રહી પ્રવચનનો લાભ આપ્યો હતો.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનપદની સેવાનો લાભ અ.નિ.ભાવનાબેન સાવલિયા તથા ધીરુભાઈ સાવલિયાની પુણ્યસ્મૃતિ અર્થે પ.ભ.શ્રીસુજીતભાઈ સાવલિયા તથા કિશોરભાઈ અને સંજયભાઈ સોરઠિયાએ લીધો હતો.

## ● હોળી પર્વના પાવન અવસરે પ્રસંગ ત્રિવેણીનો લાખેણો લહાવો–કુંડળધામ

શ્રીસ્વામિનારાયણ મંદિર–કુંડળધામ ખાતે હોળી પર્વના પાવન પ્રસંગે પ.પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૨૪/૦૩/૨૦૨૪ થી તા.૨૫/૦૩/૨૦૨૪ દરમ્યાન **આત્મીયસભા–૧૧૮, શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃતસાગર કથાસત્ર સમાપ્તિ સમારોહ અને દિવ્ય રંગોત્સવ** આ પ્રસંગ ત્રિવેણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તા.૨૪/૦૩/૨૦૨૪ ને રવિવારના રોજ પૂ.સ્નેહાળુ સ્વામી, પૂ.વહાલા સ્વામી અને પ.પૂ.ગુરુજી દ્વારા આત્મીયસભા–૧૧૮નો અનોખો લાભ પ્રાપ્ત થયો હતો. જેમાં પૂ.ગુરુજીએ પ્રભુમાં સહેજે સહેજે હેત થાય અને મોક્ષમાર્ગમાં ઉપયોગી થાય એવી સુંદર વાતો કરી આધ્યાત્મિક પોષણ પૂરું પાડ્યું હતું. ત્યારબાદ પૂ.સંતો દ્વારા ગોષ્ઠીનો પણ અમૂલખ લહાવો પ્રાપ્ત થયો હતો. સાંજે રવિસભામાં પૂ.ગુરુજીના શ્રીમુખે ગવાયેલ 'ધીર ધુરંધરા શૂર સાચા ખરા...' એ કીર્તન વિવેચનના માધ્યમે મુમુક્ષુએ મોહના સૈન્યની સામે કેમ બચવું તેની અનુપમ ટિપ્સ પ્રાપ્ત થઈ હતી.

દ્વિતીય દિવસે પ્રભુપ્રેમમાં મસ્ત એવા સદ્. **શ્રીમાધવદાસજી સ્વામી કૃત 'શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર ગ્રંથ'**ની છેલ્લા પાંચ પાંચ વર્ષથી **પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી–કુંડળધામ**ના શ્રીમુખે વહેતી કથા ભાગીરથીની પૂર્ણાહુતિના ભવ્ય સમારોહનું પણ અનોખું આયોજન થયું હતું. આ કથા ભાગીરથી તા.૦૭/૦૪/૨૦૧૯ વિ.સં.૨૦૭૫ ચૈત્ર સુદ–૨ ને રવિવારના રોજ પ્રારંભ થઈ હતી. કુલ ૪ વર્ષ, ૧૧ માસ અને ૧૮ દિવસ દરમ્યાન અનેક મોક્ષપિપાસુઓને પાવન કરતી કરતી એ કથાગંગા તા.૨૫/૦૩/૨૦૨૪ વિ.સં.૨૦૮૦ ફાગણ સુદ પૂનમ ને સોમવારના રોજ પૂર્ણતાના આરે આવી શ્રીહરિકૃષ્ણરૂપ મહાસાગરમાં ભળી. આ પૂર્ણાહુતિ સમારોહનો માહોલ કાંઈક અનોખો જ હતો...!! અને એ ઘડીના જેઓ સાક્ષી બન્યાં હતાં તેવાં હજારો હરિભક્ત ભાઈ–બહેનો, આબાલ–વૃદ્ધ સૌને પ્રભુપ્રેમમાં મસ્ત બનવાનો ખૂબ અનેરો આનંદ હતો. કુલ ૬૦૭ ભાગમાં ૮૨૪ જેટલા કલાક ચાલેલ આ કથાગંગાનો લાભ લઈ અનેક મુમુક્ષુઓ ધન્ય બન્યા હતા.

આ પ્રસંગે શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર ગ્રંથરાજનો ૧૩૦૦ કિલો ઉપરાંત ડ્રાયફ્રૂટથી પૂ.ગુરુજી અને પૂ.સંતો દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો, જેના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.નરેન્દ્રભાઈ –ખાંધલી(USA)એ લીધો હતો. ઉપરાંત રાજાધિરાજ **શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ૩૫૦ લિટર ઉપરાંત જુદા જુદા ફળોના જ્યુસ, દૂધ, દહીં, સાકર અને કેસરજળથી અભિષેક** કરવામાં આવ્યો હતો. અને વળી **પૂ.ગુરુજીના સેવનીય સ્વરૂપ વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજનો સૌપ્રથમ વાર ૬૦ કિલો એલચીદાણા વડે દિવ્ય, ભવ્ય, નવ્ય અને અલૌકિક અભિષેક** થયો હતો; આવા ત્રિવેણી સંગમરૂપ અલૌકિક અભિષેકનાં દર્શન અને કુંડલાધિપતિ **શ્રીસ્વામિનારાયણ ભગવાનને હરિભક્તોએ ઘરોઘર શુદ્ધભાવથી બનાવીને લાવેલ ૧૬૦૦ કિલો ઉપરાંત મિષ્ટાન્ન, ફરસાણનો ભવ્યાતિભવ્ય અન્નકૂટ** અને તેની આરતીના દર્શનનો પ્રત્યક્ષ તથા સોશિયલ મીડિયાના માધ્યમે હજારો હરિભક્તો અલભ્ય લાભ લઈને ધન્ય બન્યા હતા. વળી, તા.૨૩/૩/૨૦૨૪ના રોજ મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન સમક્ષ ફગવાનો તેમજ તા.૨૫/૩/૨૦૨૪ના રોજ કથામંડપમાં રાજાધિરાજ મહારાજ સમક્ષ સૂકામેવાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસાદીભૂત સૂકોમેવો અને એલચીદાણાનો દિવ્ય પ્રસાદ દેશ–વિદેશમાં વસતા તમામ હરિભક્તોને ઘેરઘેર પહોંચાડવાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

બપોર પછી કુંડળધામ ખાતે આવેલ દયાળુબાગમાં વિશિષ્ટ ભવ્ય રંગમંચ પર સૌના હૃદયસમ્રાટ એવા રાજાધિરાજ શ્રીહરિજી મહારાજ જાણે પોતાના રંગે સૌને રંગવા માટે જાણે ઉત્સુક ન હોય ! તેવું સુંદર દૃશ્ય ખડું કરવામાં આવ્યું હતું. પૂ.ગુરુજીએ પધારી વહાલા મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ પૂ.ગુરુજીએ વહાલા મહારાજ ઉપર રંગ છાંટી રંગોત્સવનો પ્રારંભ કરાવ્યો અને મહારાજે તમામને પોતાના પ્રેમમય રંગથી રંગી દીધા. પછી પૂ.સંતો પણ મંચ ઉપર પધાર્યા. વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતો દ્વારા તમામ ભક્તો ઉપર રંગની અમીવર્ષા શરૂ થઈ. અંતમાં પૂ. ગુરુજીએ મહારાજને પુષ્પપાંખડીથી વધાવી રંગોત્સવ પૂર્ણ કર્યો. આવા પ્રસાદીભૂત રંગમાં રંગાઈ અને રંગથી રંગતા મહારાજને હૃદયમાં ધારી તમામ સંતો–ભક્તો ધન્ય બન્યા હતા.

આ પ્રસંગ ત્રિવેણીના યજમાનપદની સેવાનો લાભ મૂળગામ ઓતારિયા હાલ યુ.એસ.એ. રહેતા પ.ભ.શ્રીવિનોદભાઈ મનજીભાઈ બાઢીવાલાએ લીધો હતો.

INDEX

















હોળી પર્વના પાવન અવસરે પ્રસંગ ત્રિવેણી અંતર્ગત વિધવિધ પ્રકારના જ્યુસથી દિવ્ય-ભવ્ય અભિષેક

WATCH VIDEO




ગ્રંથરૂપ શ્રીહરિનો સૂકામેવાથી અભિષેક










સૂકામેવાનો અન્નકૂટ



ફગવાનો અન્નકૂટ








કુંડળધામને આંગણે ઉજવાયેલ ભવ્ય રંગોત્સવની સ્મૃતિ તસ્વીર









પ્રસંગ ત્રિવેણી અંતર્ગત ઘરોઘરથી બનાવીને લાવેલ ભક્તોનો ભાવ આરોગતા ભગવાન શ્રીસ્વામિનારાયણ